ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૪/૨૧-૨૨/ 816 તારીખ : 09 MAR 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ભરતભાઈ બટુકભાઈ હરસોરા,
પ્લોટ નં-૧૩, લા-ઓપ્શન્સ,
ગીરધરનગર, સીદસર રોડ,
ભાવનગર.

કેસ નં.૮૪/૨૧-૨૨

મો.નં- ૯૪૨૬૪ ૪૦૮૮૪.

**વિષય :** અમારા નવા થ્રી ફેઈઝ કોમર્શિયલ વિજ કનેકશન આપવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૨૯/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૧-૨૨/૪૧૩ તા.૦૩/૦૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૧-૨૨/૫૫૭ તા.૧૮/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૦૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૨, ભાવનગર.
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, કાળીયાબીડ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૮૪/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રી ભરતભાઈ બટુકભાઈ હરસોરા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૩/૦૨/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી અશ્વિનભાઈ બહાદુરભાઈ મેનીયા (વાદી ના કર્મચારી)**

પ્રતિવાદી :– **શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભરતભાઈ બટુકભાઈ હરસોરા, ભાવનગર ની અમારા નવા થ્રી ફેઈઝ કોમર્શિયલ વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૪/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૪/૨૧–૨૨/૪૧૩ તા.૦૩/૦૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૩/૦૨/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતી તેમના કર્મચારી શ્રી અશ્વિનભાઈ બહાદુરભાઈ હરસોરા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ પ્લોટ નં–૧૩, ગીરધરનગર, સિદસર રોડ, ભાવનગર ખાતે ટાઈલ્સ ના શો રૂમ માટે નવા થ્રી ફેઈઝ વાણિજ્ય હેતુના વિજ જોડાણ માટે કાળીયાબીડ પેટા વિભાગીય કચેરી ખાતે માંગણી કરેલ. જે અનુસંધાને તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ રૂ.૨૦,૮૩૬/– ટેસ્ટ રીપોર્ટ સાથે ભરપાઈ કરેલ છે.

૧.૨ ત્યારબાદ, કાળીયાબીડ પેટા વિભાગીય કચેરી દ્વારા નોટીસ પત્ર નં–૬૨૫૭ તા.૨૦/૦૯/૨૦૨૧ થી જણાવેલ કે, પ્લોટ નં–૧૩ માં એટલે કે, અમારી દુકાનની બાજુમાં ગ્રાહક નં–૮૪૪૦૧/૫૦૭૫૬/૮ પ્રદિપકુમાર બટુકભાઈ હરસોરા, ૧૨ કિ.વો. નું વેલ્ડીગ વર્કસ માટેનું એક વિજ જોડાણ ચાલુ હોવાથી સદર વિવાદીત વિજ જોડાણ મળી શકે નહી.

૧.૩ આથી, સ્થળ પર હયાત કોમર્શિયલ વિજ જોડાણ રદ કરાવી નવું કોમર્શિયલ વિજ જોડાણ મેળવી શકાય અથવા લોડ વધારો કરવા જણાવેલ છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

૧.૪ Electricity Supply Code and Related Matters Regulations–2015, Clause No. 4.28 મુજબ પ્લોટ નં–૧૩ માં આવેલ બંને દુકાનના મેઈન રોડ ઉપરથી જ રસ્તો અને ચાલ અલગ જ છે અને બંને વિજ જોડાણો અલગ અલગ વ્યકિતના નામેથી જ હોય અમોએ માંગેલું નવું કોમર્શિયલ વિજ જોડાણ તાકીદે શરૂ કરી આપવા નમ્ર અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી હરસોરા ભરતભાઈ બટુકભાઈ દ્વારા પેટા વિભાગીય કચેરી, કાળીયાબીડ ખાતે તા.૫/૮/૨૦૨૧ ના રોજ પ્લોટ નં–૧૩, ગીરધરનગર, ગામ–અધેવાડા, જગ્યા પર કોમર્શિયલ હેતુ માટે નવા વિજ જોડાણ માટે અરજી કરેલ. (Annexure-I)

૨.૨ જેના સંદર્ભ માં પેટા વિભાગીય કચેરી, કાળીયાબીડ દ્વારા જરૂરી સર્વે કરી તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ રૂા.૨૦૮૩૬/– નું અંદાજપત્ર આપવામાં આવેલ. જે અરજદારશ્રી દ્વારા તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ ટેસ્ટ રીપોર્ટ સાથે ભરપાઈ કરેલ છે. (Annexure-II)

૨.૩ સર્વે સમયે અરજદારના હાજર પ્રતિનિધિ દ્વારા ઉપરોક્ત નવા વિજ જોડાણ માટેના અરજી ફોર્મમાં દર્શાવેલ સર્વે નંબર સ્થળ પર જણાવતા સદર સર્વે નંબરમાં કોઈ હયાત વિજ જોડાણ જણાયેલ નહી.

૨.૪ ત્યારબાદ, વિજ જોડાણ રીલીઝ સમયે માલૂમ પડેલ કે, ગ્રાહક નં–૮૪૪૦૧૫૦૭૫૬૮, પ્રદિપકુમાર બટુકભાઈ હરસોરા, ૧૨ કિ.વો. નું કોમર્શિયલ હેતુ ના હયાત વિજ જોડાણ નો સર્વે નંબર પણ પ્લોટ નં–૧૩, ગીરધરનગર જ છે.

૨.૫ આમ, ઉપર મુજબ માંગણીવાળા વિજ જોડાણ માટે સાચા સર્વે નંબર ની જાણ થતાં પેટા વિભાગીય કચેરી, કાળીયાબીડ દ્વારા Electricity Supply Code and Related Matters Regulations-2015, Clause No.4.28,

"The Distribution Licensee will not provide more than one connection for one premise or in adjoin/contiguous premises belonging to same owner if these are not separate by a public road or by private premises. The consumer opting for second connection will have to produce separate legal entity documents such as separate Income Tax No/Sales Tax No., Ration card, and Rent or lease Agreement."

મુજબ સદર વિજ જોડાણ મળી શકે નહી બાબતની તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ નોટીસ પાઠવેલ છે. (Annexure-III)

૨.૬ ત્યારબાદ, કાળીયાબીડ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૧, નોટીસ નં–૬૨૫૭ દ્વારા અરજદારને ઉપરોક્ત વિજ જોડાણ વહેલીતકે આપી શકાય એ હેતુથી જરૂરી આધાર પુરાવા તરીકે ભાવનગર મહાનગર પાલિકા દ્વારા પ્રમાણીત ભાગ પ્લાન રજૂ કરવા માટે વધુ એકવાર જણાવેલ.(Annexure-IV)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી દ્વારા માંગવામાં આવેલ થ્રી ફેઈઝ કનેકશન એક જ પ્લોટ માં માંગેલ છે. જયાં હાલ એક NRGP કનેકશન શરૂ છે અને તે જ પ્લોટ માં સદર વિવાદી કનેકશન માંગવામાં આવેલ છે.

૩.૨ GERC ના નિયમાનુસાર એક જ પ્લોટમાં એક વિજ જોડાણ શરૂ હોય તેવી સ્થિતિમાં બીજું વિજ જોડાણ આપી શકાય નહી.

૩.૩ વાદી દ્વારા વિવાદીત કનેકશન માંગણી વાળી જગ્યા પ્લોટ નં–૧૩ માં છે. જયાં હાલ એક વિજ જોડાણ શરૂ છે.

૩.૪ આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં, વાદીશ્રી દ્વારા કરવામાં આવેલ રજૂઆત ગ્રાહય રાખી શકાય નહી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૩/૦૨/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar